Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૪ · તા. ૨૫ થી ૩૧ ઑક્ટોબર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

(Estd - 1904)

## Shree Virji Ladhabhai Kutchhi Dasha Oswal Jain Vidyarthigriha

New Laxmi Niwas, Cama Lane, Kirol Road, Ghatkopar (West), Mumbai - 400 086.

**PHONE 2513 3174 / 25100157**



## પ્રિય જ્ઞાતિજનો,

તમે એવું કોઈ સપનું જોયું છે ખરૂં જેણે કેટલાંય સુખને જન્મ આપ્યો હોય? એક સપનું થોડાક વડીલોએ છેક ઈસવી સન ૧૯૦૩માં જોયું હતું. એ એક સપનાએ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને સેંકડો જ્ઞાનીઓ, વિચારવંતો, પ્રગતિશાળીઓની સોગાદ આપી છે. એ સપના વિના કદાચ આપણી ગરવી જ્ઞાતિ આટલી વધારે સુખી-સમૃદ્ધ ના થઈ શકી હોત. એ સપનું જોનારા ગજબના દીર્ઘદ્રષ્ટા જ્ઞાતિજનો હતા. શ્રી જેઠાભાઈ દામજી દંડ, શ્રી જેઠાભાઈ વર્ધમાન પુનશી, શ્રી લખમશી હીરજી મૈશેરી અને શ્રી ગોવિંદજી મુલજી મેપાણી, એમણે જોયેલા સપનામાંથી સર્જાયેલી ભવ્ય જ્ઞાતિસફળતા એટલે શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ.

અમને હર્ષ છે, ગર્વ છે કે આ પત્ર વાંચનારા ઘણા લોકોમાંથી એક તમે છો જેઓ વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થી રહી ચૂક્યા હશો, અથવા વિદ્યાર્થીગૃહના એકાદ વિદ્યાર્થીના આપ્તજન હશો. છેલ્લે કાંઈ નહીં તો તમે કેડીઓ તો છો જ જેમની ગૌરવશાળી જ્ઞાતિ પાસે આવું





(Estd - 1904)

# Shree Virji Ladhabhai Kutchhi Dasha Oswal Jain Vidyarthigriha

New Laxmi Niwas, Cama Lane, Kirol Road, Ghatkopar (West), Mumbai - 400 086.
**PHONE 2513 3174 / 25100157**





અનન્ય, મુંબઇ જેવા મેટ્રોપોલિન સિટીના મધ્યવર્તી સ્થળે આવેલું વિદ્યાર્થીગૃહ છે. ક્યારેક એ નાનકડી ઈમારતમાં વિદ્યાર્થીઓને તમામ સગવડો આપીને અક્ષરજ્ઞાન થકી આત્મસન્માન અને અગ્રેસર રહેવા માટેના આશીર્વાદ આપતું હતું. હવે બહુ જલ્દી આ વિદ્યાર્થીગૃહ એક વિશ્વ કક્ષાની ઈમારતમાં ધમધમતું થઈને કેડીઓની ભવિષ્યની પેઢીને સુશિક્ષિત થવામાં મદદરૂપ થશે.

વિદ્યાર્થીગૃહ એટલે કે વીએલવીજીની અકલ્પનીય કાયાપાલટ પાછળ રૂપિયા વીસ કરોડથી વધારેનો ખર્ચ થવાની ધારણા છે. આટલા રૂપિયાના રોકાણ થકી આપણે જ્ઞાતિના કેટલાય વિદ્યાર્થીઓને અવ્વલ કક્ષાની નિવાસી સુવિધા સાથે ખંતપૂર્વક, એકાગ્રતા સાથે સાક્ષરતાથી સર્વાંગસંપૂર્ણ માનવી બનવાના માર્ગે આગેકદમ કરતા સંતોષભર્યાં નેત્ર સાથે જોઇ શકશું. લાંબા સમયથી ચાલી રહેલું વિદ્યાર્થીગૃહના નવનિર્માણનું કાર્ય અત્યારે આખરી ચરણમાં છે. આવતા શૈક્ષણિક વર્ષ માટે એ પૂર્ણરૂપે કાર્યરત થઇ ચુક્યું હશે. મુંબઈના આકાશની પણ શોભા બંધારનારી વિદ્યાર્થીગૃહની ઈમારતની શ્રેષ્ઠ સગવડોની યાદી બેહદ લાંબી છે. ભવ્ય લોબી, હાઈસ્પીડ લિફ્ટ, ટૉપ-ક્લાસ સગવડોસજજ રૂમ, કૉમ્પ્યુટર રૂમ, લાયબ્રેરી જિમ, સ્પોર્ટસ રૂમ, કૉનફરન્સ રૂમ, મેડિટેશન રૂમ, કાર પાર્કિંગના અર્થે પોડીયમના નામે ઓપન ગ્રાઉન્ડ જેવો આખો ફ્લોર. કહો કે યુરોપ-અમેરિકાની અગ્રણી એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટની હોસ્ટેલ અને વિદ્યાર્થીગૃહ બન્નેમાં કોઇ ફરક નહીં હોય !

મોટા ખર્ચે ઊભી થઇ રહેલી આ જ્ઞાતિલક્ષી સગવડમાં આપણે મોટું મન રાખીને ભાગીદાર બનવાનું છે. એની ભીંતોની ઈંટોમાં, મેદાનની મહેકતી માટીમાં, પુસ્તકાલયનાં પુસ્તકોમાં અને ભોજનકક્ષનાં વાસણમાં ક્યાંક આપણું પણ યોગદાન હોય ત્યારે રંગ રહ્યો કહેવાશે. વિદ્યાર્થીગૃહ સમગ્ર કેડીઓ જ્ઞાતિનું ગૌરવ છે અને એવા ગૌરવને સાકાર કરવામાં તમામ જ્ઞાતિજનોનો ફાળો હોય એ સૌથી સુંદર સપનું છે. આપણા વડીલોના સપનાને વધુ રંગતદાર બનાવવા માટે આટલું એક સપનું આપણે પણ જોવું રહ્યું !

કુલ ટહેલ રૂ.૫૦ કરોડની છે જેમાં વિદ્યાર્થીગૃહનું મકાન તેને ચલાવવા માટે કોર્પસ ફંડ, વિદ્યાર્થીગૃહ સાથે સંલગ્ન ટ્રસ્ટો શ્રી. સી.ડી.ઓ.જૈન શિક્ષણપ્રસારક સમિતી ટ્રસ્ટમાંથી કોલજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વ્યાજ વગરની લોન આપવા માટે કોર્પસ ફંડ તેમજ શ્રી સી.ડી.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ કે જે સમાજના એસએસસી સુધી ભણતા બાળકોને સ્કોલરશીપ ફી અને પુસ્તકો લેવા માટે કોપર્સ ફંડ એટલે આટલું કરીએ તો આવતા પચીસ કે પચાસ વર્ષ માટે જ્ઞાતિનું શિક્ષણ લોન અને સ્કોલરશીપનાં માધ્યમથી તદન ફ્રી કરી શકીશું.



લિ. શિવજી કુંવરજી વિક્રમશી
મેનેજીંગ ટ્રસ્ટી

## દિવાળી અને નવવર્ષની શુભકામના

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 44/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# દીપોત્સવ પ્રેરિત સંસ્કારો આખું વર્ષ પ્રભાવકારી રહે

દિવાળી એ ખરા અર્થમાં વિરલ તહેવાર સમૂહ છે. તેના દરેક દિવસનું તેનું પોતાનું આગવું મહત્વ છે. જોકે એ સંસ્કાર ઝાંખા પડવાથી તે એક અર્થમાં મોજ મજા અને માર્કેટીંગનો ઉત્સવ બની ગયો છે.

આ તહેવાર સમુહમાં વિક્રમનું જૂનું વર્ષ પૂર્ણ થાય છે અને નવું પ્રારંભ થાય છે. વર્ષ પૂર્ણ થવા નિમિત્તે જૂના વર્ષનું સરવૈયું કાઢવા તથા નવું વર્ષ શરૂ થવા નિમિત્તે શુભકામનાની આપ - લે તથા નવા વર્ષના સંકલ્પોનું મહત્વ છે.

આ તહેવાર સંપુટની શરૂઆત વાક - બારસ કે વાઘબારસ સુધી ઘર આંગણ - મોહલ્લા - આસપાસના વાતાવરણની સફાઈ કરવાથી થાય છે. સંશોધકો માને છે કે અત્યારે જેનું અપ્રભ્રંશ વાઘબારસ થયું છે તે મૂળે વાકબારશ એટલે કે સરસ્વતિ પુજાનો ઉત્સવ હશે પણ આપણા જીવનમાં અત્યારે લક્ષ્મીજી એવી રીતે છવાઈ ગયા છે કે દિવાળીને સરસ્વતિ સાથે કાંઈ સંબંધ છે એ વાત પણ લોકો ભૂલી ગયા છે.

તે પછી ધન તેરસના ધનની પુજા કરવા નિમિત્તે લક્ષ્મીને સંસ્કાર લક્ષ્મી બનાવવાનો સંકલ્પ કરવાનો છે. તે પછી  કાળી ચૌદસ કકળાટ એટલે કે અન્ય તરફ દ્વેષ રાખી પોતાની જાતને પણ સંતાપનારી વસ્તુઓને કાઢવા લોકભાષામાં કહીએ તો કકડાટ કાઢવાનો છે. વધુ સારી ભાષામાં કહીએ તો આપણી સ્વયંની ઊર્જાને નવી દિશા આપવાની ભાવના સેવવાની છે. તે રક્ષક દેવોને યાદ કરવાનું પણ નિમિત્ત છે. દિવાળીના દિવસે ચોપડા પુજન રૂપે સરસ્વતી પુજન દ્વારા જીવનમાં લક્ષ્મી પાછળની આંધળી દોડને સરસ્વતિ પુજન દ્વારા સંતુલિત કરવાની છે. જેના દ્વારા સૌ કાંઈ નિપજે છે તે વસુંધરાનું પૂજન કરવાનું છે.

જૈનો માટે તેઓ, હાલમાં જેના શાસન દ્વારા શાસિત છે એવા મહાવીરપ્રભુના નિર્વાણનું આ પર્વ આંતરદિપ પ્રજ્વલિત કરવાનું પર્વ છે. કારતક શુદ એકમના આરંભાતું વિક્રમનું વર્ષે શુભકામનાની આપ-લે અને નવા સંકલ્પો દ્વારા જીવનને નવી દિશા આપવાનું નિમિત છે.

ભાઈ બીજ રોજિંદી ઘટમાળમાં વિસરાયેલ બહેન - કુટુંબની સભ્ય હોવા છતાં અન્ય કુટુંબની થયેલી સ્વજન-ને સાંભરવાનું નિમિત્ત છે.

આ બધી બાબતો માત્ર વ્યક્તિગત જીવનમાં નહીં સામાજિક જીવનમાં પણ એટલું જ મહત્વ ધરાવે છે. આ અંક વાંચકો - જ્ઞાતિજનોના હાથમાં આવશે ત્યારે નવું વર્ષ શરૂ થઈ ગયું હશે અટલે એ નિમિત્તે શુભકામના આપવાની કે આ તહેવાર સંપુટના દરેક દિવસનું મહત્વ આખું વર્ષ તેના સંસ્કાર આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનમાં ધબકતા રહે.

**નુતન વર્ષાભિનંદન વિક્રમનું નવું વર્ષ સૌ જ્ઞાતિજનો અને ક.દ.ઓ. સમાજ માટે પ્રગતિની નવી દિશા ખોલનાર રહે તેવી શુભકામના**

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

# વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે

ગુણવંત બરવાળિયા

જૈન ધર્મમાં બાર પ્રકારના તપ દર્શાવવામાં આવ્યાં છે. છ બાહ્યતપ અને છ આભ્યંતર તપ. વ્રત-તપના પ્રેરક જૈનાચાર્યોએ ત્રીજા આભ્યંતર તપનું જૈન વ્રત-તપમાં વિશ્લેષણ કરતાં કહ્યું છે કે :

જ્ઞાની અને તપસ્વી, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી તથા વડીલ, વદ્ધ, બિમાર, અપંગ આદિની વિવિધ પ્રકારે ઉચિત સેવાભક્તિ કરવી તે જ વૈયાવૃત્ત નામનું તપ. ગુણોમાં અનુરાગપૂર્વક સંયમી પુરુષો તેમ જ અઠ્ઠમ અથવા તેથી વધુ તપ કરનાર તપસ્વીઓનો ખેદ દૂર કરવો, પગ વગેરે દાબવા-ચોળવા, ચંદન કે શીતળ દ્રવ્યનું લેપન કરવું, લવિંગનો ખરડ કરવો તેમજ તેમની સુખ-સગવડનો ખ્યાલ રાખવો અને એમ કરીને તેમને સુખ- શાંતા ઉપજાવવાથી આ તપ થાય છે. ચતુર્વિધ સંઘની અને કુટુંબીજનોની ઉચિત સેવાભક્તિ કરવી તે પણ આ તપનો જ પ્રકાર છે. આ સર્વ પાત્રોને યોગ્ય રીતના શયન-સ્થાનની વ્યવસ્થા,સમયસર ઔષધિ આપવી, શારીરિક સ્વચ્છતા જાળવવામાં મદદ કરવી, અંગત વપરાશના સાધનોની સફાઈ કરવી, નિર્દોષ આહાર યોગ્ય સમયે આપવો, વ્યાધિપીડિત અંગોની સફાઈ કરવી, વસ્ત્રો ધોઈ આપવા, પ્રવાસમાં મદદ કરવી, હલનચલનમાં ટેકો આપવો, હળવો વાર્તાવિનોદ કરવો, પત્રવ્યવહારમાં મદદ કરવી એવી અનેકવિધ રીતે સેવા-શુશ્રૂષા કરવી તે જ વૈયાવૃત્ય.

વૈયાવૃત્ય કરનારને શ્રદ્ધા, ભક્તિ, વાત્સલ્ય, વિચ્છિન્ન સમ્યક્ત્વનું પુનઃસંધાન, તપ, પૂજા, તીર્થ, સમાધિ વગેરે પ્રાપ્ત થાય છે. જિનાજ્ઞાનું પાલન, સંયમ, સહાય, દાન, નર્વિચિકિત્સા, પ્રભાવના, કાર્ય-નિર્વહણ, મૈત્રી, કરુણા વગેરે વૈયાવૃત્ય કરનારના ગુણ છે. વૈયાવૃત્ય તપ શ્રાવકો માટે મુખ્ય અને સાધુઓ માટે ગૌણ છે. વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે. વૈયાવૃત્ય એ પોતાની જાતમાંથી બહાર નીકળવા માટેનું બારણું છે. ધ્યાન દ્વારા તપસ્વી જેને અંતરના ઊંડાણમાંથી પામવા મથે છે. તેને જ વૈયાવૃત્ય દ્વારા પ્રત્યક્ષપણે પામી શકાય છે. આત્માનો વિસ્તાર થતો અનુભવાય છે. એક એવી પરમ અવસ્થા પામી શકાય છે. જ્યાં ધ્યાન અને વૈયાવૃત્ય એકરૂપ બની જાય છે.

શ્રાવકો માટે સંતોની વૈયાવચ્ચ માટે બે પાસાં ઊપસી આવ્યાં. એક વિહાર કરી શકે તેવી ઉંમર અને શારીરિક ક્ષમતા ધરાવતા સંતોની બીમારી કે અકસ્માત વખતેની વૈયાવચ્ચ અને મોટી ઉંમરના વિહાર કે ગોચરી માટે ફરી ન શકે તેવી શારીરિક ક્ષમતા ગુમાવેલા સંતો, નાની ઉંમર હોવા છતાં ભયંકર રોગનો ભોગ બનેલા કે અકસ્માતને કારણે શારીરિક વિકલાંગતા કે અશક્તિ આવતા વિહારાદિની શારીરિક ક્ષમતા ગુમાવતા સંતોના સ્થિરવાસ અને વૈયાવચ્ચની વ્યવસ્થા કરવાનું શ્રાવકો માટે જરૂરી બન્યું.

વિશ્વની તમામ ધર્મપરંપરાએ સહાનુભૂતિની વાત કહી છે જ્યારે જૈન ધર્મ ત્યાંથી આગળ વધીને સમાનાભૂતિની વાત કરી છે. સહાનુભૂતિમાં અનુકંપા અને દયા અભિપ્રેત છે જ્યારે સમાનાભૂતિમાં ગૌરવ અભિપ્રેત છે. અન્યને દુઃખકે પીડા ઉત્પન્ન થતાં હું દુઃખી થાઉં, પીડિત વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ પાઠવું તે એક વાત, પણ અન્યનાં દુઃખ કે પીડા જોઈ માત્ર દુઃખી ન થાઉં, પરંતુ મને એવા જ પ્રકારનું દુઃખ થયું છે એવી અનુભૂતિ કરું. જેવો મારો આત્મા છે એવો જ સામેની પીડિત વ્યક્તિનો આત્મા છે. આ દુઃખ મને થઈ રહ્યું છે એવી વેદનાની અનુભૂતિ કરું અને પછી તેની સેવા- વૈયાવૃત્ય કરું તો એ નિજી


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુલજી રાઘવજી લોડાયા

MRL Group of Companies



શુભેચ્છાસહ.....

શીતલ કોટન ટ્રેડર્સ

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર

(રંગપુર-કોઇમ્બતુર)




# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ

લાલપુર, જી. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોનઃ ૦૨૮૯૫ - ૨૭૩૩૪૮.
ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ રજી નંઃ ૧૦૩૯

**Mumbai Office:** M/s. U. M. Khona & Co., 1011, Universal Majestic, (Mighty), Behind RBK International School, Off. Ghatkopar Mankhurd Link Road, Chembur (West), Mumbai - 400 088.

**Administrative Office:** C/o. Mulund Time Publication Centre, "Gurjarmat", A-18, Monani Sadan, Opp. Bharat Bank, J. N. Road, Mulund (West), Mumbai - 400 080. Ph.: 022 - 2568 8297.

## કચ્છ તેમજ હાલારના સર્વે ગામના મહાજનોના પ્રમુખો, ટ્રસ્ટીઓ, સંઘો, મંડળો તથા સેવાભાવી સંસ્થાઓના પદાધિકારીઓ અને પ્રિય જ્ઞાતિજનો.

જય જિનેન્દ્ર !
કુશળ હશો,

**સંદર્ભ :** જ્ઞાતિના પ્રશ્નો વિશે આ પહેલાં જ્ઞાતિના દરેક કુટુંબોને વ્યક્તિગત મોકલાવેલાઅપીલ પત્રો.
**વિષય :** આપશ્રીના ગામના જ્ઞાતિજનોને ત્વરિત પ્રતિસાદ મોકલાવવા પ્રેરવા બદ્દલ.

અમુક મહત્ત્વના મુદ્દાઓની આપણે જાણ્યે કે અજાણ્યે એટલી કાળજી નથી રાખી શક્યા, જેટલી બીજી ઘણી બાબતોની રાખી શક્યા છીએ. આપણી જ્ઞાતિ દરેક જ્ઞાતિજનના સુખ-દુ:ખમાં સબળ સાથ આપવા માટે વિખ્યાત છે. જ્ઞાતિમાં જરૂરિયાતમંદોને સહાયરૂપ થવા માટે અનેક યોજનાઓ છે. આપણા મહાજન, આપણા ટ્રસ્ટ દેશભરમાં સંનિષ્ઠ અને સમર્પિત છે. છતાં, આપણે હજી ઘણું કરવાનું બાકી છે.

**: દાખલા તરીકે :**

૧. જરૂરીયાત છે ક્યારેક ટેમ્પરરી લોનની જેનાથી ટ્યૂશન ફી, સોસાયટી મેન્ટેઇનન્સ, વીજળીનું બિલ, દુધવાળા, કરિયાણાવાળા, દવાવાળા વિગેરે જેવાઓની માથે ચડેલી ઉધારી, વગેરે માટે ''સ્કૂલ-કોલેજની ફીસ માટે સહાયતા મળે છે પણ ટ્યૂશન ફી નો ભાર ભારે પડે છે''.

૨. આપણી જ્ઞાતિમાં કેટલાય પરિવાર સ્લમ તથા નબળી વસ્તીવાળા એરિયામાં ભાડાથી ચાલી સિસ્ટમમાં રહે છે. ત્યાનું વાતાવરણ સારૂં નથી હોતુ. એમને અમુકરકમ ભાડા પેટે સહાય મળે તો ત્યાંથી થોડાક સારા એરીયામાં રહેવા આવી શકે.

૩. આપણે કેટલાય પરિવારોના એકલવાયા ઉદાસીનતાભર્યું જીવન જીવતા વડીલોની શાતા માટે યોગ્ય વિચારણા કરી શક્યા નથી.

૪. ઘણાં કુટુંબોમાં/સગાસંબંધિઓમાં તથા એકજ ઘરમાં સાથે રહેતા પરિવારજનોના સંબંધોમાં નાની-મોટી ખટાશ વધતી જાય છે.

આજની પરીસ્થીતીને ધ્યાનમાં રાખીને ઉપરોક્ત મુદ્દાઓ પર આપણે વિચાર કરવાનો છે. એમાં પણ, આપણે કેડીઓ એટલે મૂળે સાહસિક, નીડર, પરોપકારી અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા આપણે સુખી અને સંતુષ્ટ છીએ. એ વાતના આનંદ સાથે આપણે એ વિચાર પણ કરવો રહ્યો કે, વર્તમાન સ્થીતીને અનુરૂપ આપણે કેડીઓ જ્ઞાતિને સમૃદ્ધ અને સુખી કરવા સાથે શીખ સમુદાયની જેમ સાહસિક ન થઈ શકીએ ?

આપણે કેડીઓએ દેશની સંરક્ષણ ક્ષેત્રમાં ભાગ્યે જ સ્થાન બનાવ્યું છે. આ શૂન્યાવકાશ ખૂબ કઠે છે. આપણા સિદ્ધાંત, સંસ્કાર, સ્વરક્ષા તથા જ્ઞાતિજનોની રક્ષા માટે આપણી પાસે આગવી સંરક્ષણ વ્યવસ્થા નથી. સૌથી મહત્ત્વની વાત એટલે આપણે સંપત્તિ સર્જવામાં જેટલા સક્ષમ થયા છીએ તેટલા સક્ષમ સ્વરક્ષા કે રાષ્ટ્રરક્ષા કરવાને હજી થયા નથી.

આપણી પ્રગતિશીલ જ્ઞાતિમાં કોઇ વ્યક્તિ દુ:ખી ના રહે, આવનારી પેઢીઓ સુખ, શાંતિ અને સંતોષની નવી ઊંચાઇઓ આંબે એ માટે અમે અમુક મુદ્દાઓ બનાવેલા છે, જેમાં તમારા અભિપ્રાયની જરૂર છે જે જાણવા અમે ઉત્સુક છીએ.અમે કેડીઓ જ્ઞાતિના આશરે ૮૦૦૦ કુટુંબોનો વ્યકિતગત મંતવ્યો જાણવા દરેક જ્ઞાતી પરિવારને જ્ઞાતિજનોની અપેક્ષાઓ ઉપર વ્યકિતગત મંતવ્યો તથા સુચનો મોકલવા માટેનો પત્ર તથા પોસ્ટલ સ્ટેમ્પ લગાડેલું અને જરૂરી સરનામું પ્રિંટ કરેલું Envelope મોકલાવેલ છે.

બસ તો પછી, મહાજનના નેજા હેઠળ આપશ્રીના ક્ષેત્રના જ્ઞાતિજનોનો વ્યક્તિગત સંપર્ક સાધીને સૌના અભિપ્રાય મેળવવાના મામલે રેકોર્ડ સ્થાપો તેવી અમારી અભિલાષા છે. વિશ્વાસ રાખજો, જ્યારે પત્રને મળેલા પ્રતિભાવના આધારે ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવશે ત્યારે સર્વાધિક સક્રિય રસ લેનાર ગામ અને મહાજન તરીકે આપશ્રીને પણ ગૌરવની લાગણી થશે !

એક ઉત્કૃષ્ટ જ્ઞાતિને અપાર ચાહનારા સમર્પિત સેવકના નાતે નાનકડી અપેક્ષા સમર્પિત જ્ઞાતિપ્રેમીઓ પાસેથી, આપશ્રી પાસેથી રાખીએ છીએ.

તો આપશ્રીઓને વિનંતી છે કે જલદીથી સુચનો સાથેના Envelope પરત મોકલવા તથા મોકલાવવા કૃપા કરશોજી.

## પ્રથમ શિક્ષિત જ્ઞાતિજન

છેક ૧૯૬૦ના દાયકા સુધી મેટ્રીક સુધીના ભણતરનું મહત્ત્વ / માન આજના અંડર ગ્રેજ્યુએટની સમકક્ષ હતું. ઈ.સ.૧૯૨૫ સુધી તેને ગ્રેજ્યુએટની સમકક્ષ મહત્ત્વ/માન પ્રાપ્ત હતું.

કચ્છના મોટા ભાગના સમુદાયોને તેમના પ્રથમ મેટ્રીક થનાર ૧૯૦૫ પછી મળ્યા, તે દ્રષ્ટિએ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિને તેના પ્રથમ મેટ્રીક થનાર ઈ.સ.૧૮૮૫માં મળ્યા એ ગૌરવભરી વાત ગણાય.

શ્રી લક્ષ્મીચંદ તેજપાલ મૈશેરી ઈ.સ. ૧૮૮૫માં મેટ્રીક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તેમને કચ્છના રા. પ્રાગમજી સ્કોલરશીપ મળેલ. તેમણે સેન્ટ મેરીસ ઈન્સ્ટીટયુટ બોમ્બેમાંથી અભ્યાસ કર્યો હતો.વર્ષો પછી ડો.પુનશી મૈશેરી અને લખમશી મૈશેરીનું જ્યારે જ્ઞાતિએ સન્માન કર્યું ત્યારે તેમણે ઉકત લક્ષ્મીચંદભાઈ તેજપાલ મૈશેરીનો ઋણ સ્વીકાર કર્યો હતો કે તેમની પ્રેરણાથી અમે ઉચ્ચ શિક્ષણ લઈ શક્યા.

**- વીરચંદ કલ્યાણજી ધરમશી**

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૦૨.૧૧.૧૪ ના ટોકરશી દામજી ધરમશી પરિવાર જસાપુરવાળા અને શ્રી ભોજરાજ ભવાનજી નાગડા પરિવાર રાપરવાળાની સાથે રાખેલ છે. ૦૨.૧૧.૧૪ને રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. ભાવનામાં રિધ્ધિ સિધ્ધિ મંડળ રમઝટ જમાવશે.

---

**વૈયાવૃત્ય** : સંવેદના બની જશે. વળી પંચમહાવ્રતધારી સંતો તો આપણા પૂજનીય છે માટે સેવા અને વૈયાવૃત્યમાં ફરક છે. સેવા એટલે રાહતનું ગુંજન, વૈયાવચ્ચ એટલે રત્નત્રયીનું પૂજન.

સાધુ-સંતો તો પરિષહો સહેતા આવ્યા છે. ઉપસર્ગો સામે ઝઝૂમે છે માટે વૈયાવચ્ચ એ સંતોની સેવા જરૂરિયાત નથી, આપણા હૃદયની સંવેદના છે. જ્યારે કાયાની માયા હૃદયની સંવેદના છે. જ્યારે કાયાની માયા વિસારનારા સંતને અસમાધિ થાય ત્યારે આપણે નમ્રતા સાથે વંદના કરી વિનંતી કરીએ કે અમને વૈયાવચ્ચનો લાભ આપો..

ઉપ એટલે સમીપ, યોગ એટલે જોડાવું. જે ક્રિયા આત્માની સમીપ જવામાં સહકારી નીવડે એ ઉપયોગ ગણાય. સેવા એ સહયોગ છે. તો વૈયાવચ્ચ એ ઉપયોગ છે.

વૃદ્ધ માતા-પિતા, રુગ્ણ, ગુરુ કે સંતની વૈયાવચ્ચ કરનારની સ્મરણશક્તિમાં વૃદ્ધિ થાય છે. તેને વિદ્યા અને જ્ઞાનપ્રાપ્તિ સુલભ બને છે. વૈયાવચ્ચનો ધર્મ આપણામાં એવી રીતે પ્રતિષ્ઠિત થવો જોઈએ કે જે સાધુજીના વ્રતોને લક્ષમાં રાખીને જ કરવામાં આવે. વ્રતમાં શક્ય એટલા દોષ ન લાગે તેની ઝીણવટભરી કાળજી સાવધાનીમાં જ વિવેક અભિપ્રેત છે.

સંત-સતીજીઓ માટે શક્ય એટલી વધુ આરાધનાધામોમાં વૈયાવચ્ચની સગવડો ઉપલબ્ધ થાય. જરૂરિયાત પ્રમાણેના સેવાકેન્દ્રોનું નિર્માણ થાય તેની મહાસંઘો કે મહાજન સંસ્થાઓ કાળજી લેશે તો શાસનનું ગૌરવ જળવાશે. તીર્થંકર નામકર્મ ઉપાર્જનના વીશ બોલમાં ૧૬મો બોલ વૈયાવચ્ચનો છે. સાધુ- સંતોની ઉત્કૃષ્ટભાવે વૈયાવચ્ચ સેવા કરવાથી સ્વયં ભગવાન બની શકાય છે અને કહ્યું છે કે, વૈયાવચ્ચ ગુણધરાણં નમોઃ નમોઃ એટલેકે વૈયાવચ્ચનો ગુણ ધારણ કરનાર, એને જીવનમાં ચરિતાર્થ કરનાર વંદનને પાત્ર છે. **- પ્રબુધ્ધ જીવનમાંથી ટુંકાવીને**




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

સંવત ૨૦૭૦ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન ૨૦૧૪



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાંયરા તિર્થ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોનઃ ૦૨૩૮૧-૨૮૨૩૧૮



તા.: ૨૧-૧૦-૨૦૧૪

## સાંયરા તિર્થે જિનાલયની ૧૩૭મી વર્ષગાંઠ ત્રિહાનિકા મહોત્સવ, નુતન ભોજનાલયનું ઉદ્ઘાટન તથા સાંયરા વિકાશ મંડળનું સ્નેહમિલન

પ્રથમ તિર્થંકર શ્રી આદિનાથ દાદાના તિર્થસ્વરૂપ જિનાલયની ૧૩૭ની વર્ષગાઠ પ્રસંગે, નુતન ધ્વજારોહણ પ્રસંગે ફાગણ સૂદ ૧ ગુરૂવાર તા. ૧૯-૨-૨૦૧૫ થી ફાગણ સૂદ - ૩ શનિવાર તા. ૨૧-૨-૨૦૧૫ માં સાંયરામાં ત્રિહાનિકા મહોત્સવ આપણા માદરે વતન સાંયરામાં ખુશનુમા શિયાળાની ગુલાબી ઠંડીમાં પ્રભુ ભક્તિ, ગુરૂ ભક્તિ અને સાધર્મિક ભક્તિના ત્રિવેણી સંગમમાં ઉલ્લાસ, ઉમંગ અને આનંદથી ઉજવણી થશે. સાંયરામાં નુતન આધુનિક ભોજનાલયનું ઉદ્ઘાટન સાથે સાંયરા વિકાશ મંડળનું ઐતિહાસિક ૧૮મું સ્નેહમિલન પ્રથમ વખત સાંયરા ગામમાં હાસ્ય કલાકાર, ડાયરો, સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે યોજાશે. આ ત્રિવિધ પ્રસંગે સાંયરામાં અને બહારગામ વસતા સર્વ સાંયરાવાસી અને નિયાણી બહેનો સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના શુભ આશિષ તથા સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના અમીઆશિષ, સાંયરા ગામના પ.પૂ. સાધ્વી ભગવંતોના શુભ આશિષ, સરળ સ્વભાવી નવકાર મંત્રના આરાધક તપસ્વીરત્ન **પ.પૂ. મુનીરાજ શ્રી કંચનસાગરજી મ.સા.** ની પાવન નિશ્રામાં ત્રિહાનિકા મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી થશે. આ ધ્વજા મહોત્સવમાં આનંદ-હર્ષ-ઉમંગ-ઉલ્લાસથી સહભાગી થવા દરેક સાંયરાવાસી અને નિયાણી બહેનોના કુટુંબમાંથી એક વ્યક્તિની હાજરી અનિવાર્ય છે.

### કાર્યક્રમ રૂપરેખા

| | |
|---|---|
| **ગુરૂવાર, તા. ૧૯-૦૨-૨૦૧૫** | **બપોરે ૧૨.૩૯ ક. વિજય મુહુર્તે નુતન ભોજનાલયનું ઉદ્ઘાટન** |
| **શુક્રવાર, તા. ૨૦-૦૨-૨૦૧૫** | **સવારે ૮ થી ૧૨.૩૦ અઢાર અભિષેક, શાંતિ કળશ, મંગળદિવો, આરતી**<br>**બપોરે ૩.૦૦ થી ૫.૦૦ ક. સ્નેહમિલન સમારોહ**<br>**સાંજે ૭.૦૦ થી રાત્રે ૧૦.૦૦ ક. હાસ્ય કલાકાર, ડાયરો, સાંસ્કૃતિક કાર્યક્રમ** |
| **શનિવાર, તા. ૨૧-૦૨-૨૦૧૫** | **સવારે ૭.૦૦ ક. ઐતિહાસિક રથયાત્રા, બેન્ડવાજા, ઢોલ-શરણાઈ, આમંત્રિત મહેમાન-સાજન મહાજન સંગાથે** |

**આ પ્રસંગે વિધિકાર - સંગીતકાર શ્રી કિશોર સાંગાર ગુણપૂરીવાલા વિધિવિધાન સહીત સંગીતની રમઝટ બોલાવશે.**

સાંયરામાં ત્રિહાનિકા મહોત્સવ અને સ્નેહમિલનમાં સહભાગી થવા મુંબઈથી સાંયરા અને સાંયરાથી મુંબઈ ટ્રેન પ્રવાસ સાથે ચોવિહાર, નવકારશી અને ભૂજથી સાંયરા અને સાંયરાથી ભૂજ બસની વ્યવસ્થા કરેલ છે. આપના નામ પ્રવાસ કમિટી અથવા ધાર્મિક કમિટીના સભ્યોને તા. ૧-૧૨-૨૦૧૪ સુધીમાં રૂા. ૧,૦૦૦/- (Non-Refundable / Non-Tranferrable) સાથે લખાવવા વિનંતી છે. જેથી વેળાસર મુંબઈથી ટ્રેનની ટિકીટની વ્યવસ્થા કરી શકાય.

### પ્રવાસ સમિતી

- શ્રી વિજય ધરમશી - 098336 67366
- શ્રી પ્રકાશ લોડાયા - 098333 64471
- શ્રી દિપક મોમાયા - 093233 44737
- શ્રી નિતીન ધ્રોળ - 098192 50096
- શ્રી બિપીન મોમાયા - 098201 88826
- શ્રી હિતેશ લોડાયા - 098208 04646

### શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન – ધાર્મિક કમિટીના જય જિનેન્દ્ર !

**શ્રી વાલજી હીરજી ખોના - 098204 38784**
**શ્રી રતિલાલ ધ્રોળ - 098208 65806**
**શ્રી દિનેશ મેઘજી પટેલ - 098206 78051**
**શ્રી હીરાચંદ ચત્રભુજ શાહ - 098191 70470**

UPASANA-9820167767

## સાધારણ સ્ત્રી જ અસાધારણ શક્તિ

વનિતા



વિશ્વ

વિશ્વસ્તરે અવારનવાર ભારતની મહિલાઓ પોતાની યોગ્યતા અને ક્ષમતાનો પરિચય આપતી રહી છે. તાજેતરમાં એશિયા પેસિફિકની શક્તિશાળી ૨૫ મહિલાઓની યાદીમાં ભારતની આઠ મહિલાઓ સ્થાન પામી છે. જેમાં પ્રથમ દસમાં ત્રણ સ્થાને પણ ભારતીય મહિલાઓ જ છે. આ ત્રણમાં આઈસીઆઈસીઆઈ બેંકના ચીફ ચંદા કોચર બીજા ક્રમે પસંદ થયા છે જ્યારે અન્ય બે મહિલાઓમાં ચોથા ક્રમે એસબીઆઈના અરુંધતી ભટ્ટાચાર્યા અને પાંચમા ક્રમે એચપીસીએલના નીશી વાસુદેવાની પસંદગી થઈ છે.

ભારતીય મહિલાઓમાં એસબીઆઈના અરુંધતી ભટ્ટાચાર્ય દેશના એવા પ્રથમ મહિલા છે જમણે સતત ત્રણ વર્ષ સુધી એસબીઆઈના મહત્વના પદ પર સફળતાપૂર્વક કામ કર્યું છે. જ્યારે ૫૮ વર્ષીય નીશી વાસુદેવા ઈન્ડિયન ઓઈલ કંપનીના પ્રથમ મહિલા ચીફ છે અને ગ્લોબલ ફોર્ચ્યુનની ૫૦૦ મહિલાઓમાં સ્થાન પામનારી ચાર મહિલાઓમાંથી એક છે. ભારત માટે તો આ ગર્વ અને ગૌરવની વાત છે જ, પરંતુ ભારતની દરેક સામાન્ય મહિલા માટે પણ આ ગર્વાન્વિત થવા જેવી ઘટના છે.

એશિયા પેસિફિકની ત્રીજા ભાગની મહિલાઓ તો એવી છે જેમણે વિશ્વની શક્તિશાળી મહિલાઓમાં પ્રથમ જ વાર સ્થાન મેળવ્યું છે. અહીં મહત્વની અને ધ્યાનાકર્ષક બાબત એ છે કે આજે વિશ્વભરની મહિલાઓ ટોચની કંપનીઓમાં ચાવીરૂપ પદ પર કામ કરી રહી છે અને પોતાના દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે.

આજે સમય બદલાતાં સમાજના સામાજિક માળખાની સાથે સાથે આર્થિક માળખામાં પણ પરિવર્તન આવ્યું છે. આજના સમયમાં મહિલાઓ ઘરમાં બેસી રહીને માત્ર બાળઉછેર અને અન્ય પારિવારિક જવાબદારીઓમાં સમય વેડફી નાખે એ ચાલે તેમ નથી. આ હકીકત મહિલાઓ પોતે પણ સારી રીતે સમજી રહી છે. જે મહિલાઓ ઘરની બહાર જઈને નોકરી કરી શકે એમ નથી એવી મહિલાઓ ઘરમાં બેસીને આર્થિક ઉપાર્જનની નાની મોટી પ્રવૃત્તિ તો કરે જ છે.

સમયમાં પરિવર્તન આવવાની સાથે સાથે લોકોના અને ખાસ કરીને મહિલાઓના વિચારોમાં પણ પરિવર્તન આવ્યું છે. મહિલાઓ હવે બોસના તાબામાં રહીને વર્ષો સુધી નોકરીમાં પોતાની પ્રતિભા ગુમાવી દેવો તૈયાર નથી. આથી જ તેઆ હવે પોતાની ક્ષમતા પ્રમાણે નાનો મોટા ધંધો કે બિઝનેસ કરી રહી છે. આવી વિચારધારા ધરાવનારી સ્ત્રીઓ પોતાનું બ્યુટિપાર્લર ચલાવે છે. બુટિક ખોલે છે. નાસ્તા બનાવીને એનું છૂટક કે જથ્થાબંધ વેચાણ કરે છે. હેન્ડીક્રાફટની ચીજવસ્તુઓ બનાવીને વેચે છે અથવા અન્ય કોઈપણ પ્રકારના કામ કરીને આર્થિક ઉર્પાજન કરે છે. આ પહેલને કારણે તેઓના સમય તો સારી રીતે પસાર થાય જ છે, સાથે સાથે ઘરમાં એની આર્થિક ઉપયોગિતા પણ વધે છે. જે વ્યક્તિ આર્થિક રીતે પગભર હોય એનું ઘરમાં અને સમાજમાં વિશેષ સ્થાન હોય છે. ઘરમાં રહીને કમાણી કરનારી સ્ત્રીનું પણ સમાજિક વર્ચસ્વ વધે છે. આ સફળતાને કારણે તેમજ દરેક પરિસ્થિતિને ટેકલ કરવાની ક્ષમતાને કારણે હવે મોટા ભાગની મહિલાઓ બિઝનેસવુમન બનવાનું


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ

C/o.: નરેન્દ્ર શામજી દંડ, ૧૬, શાંતિભુવન, ત્રીજે માળે,
મેકડોનાલ્ડની ઊપર, રેલ્વે સ્ટેશન સામે, મુલુંડ (વેસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૮૦ **Tel**. 2564 75 72
**Email:**narendra_shah2006@yahoo.co.in

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ  શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ**

### તે.કુ.લા.ધુ. નું સ્નેહ મિલન તા.૨૩.૧૧.૧૪ - સહર્ષ આમંત્રણ

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા તથા ધ્રુફી ગામના ભાઇ-બહેનો જોગ,**

**જય જીરાવલ્લા, જય શામળીયા, મિચ્છામી દુકકડમ....**

સ્નહે મિલન તારીખ, વાર, સ્થળઃ તા. ૨૩.૧૧.૨૦૧૪ને રવિવાર- હોરાઈઝન (એસી. બેંકવેટ હોલ, માનપાડા રોડ, શશિ મંદિર સામે, આનંદ કેમીકલ પાસે, ડોંબીવલી (પૂર્વ), આ માટે આપ સહુને સહર્ષ  આમંત્રણ પાઠવીએ છીએ. આશા છે કે આપ સર્વે આ કાર્યક્રમમાં હોંશે હોંશે જોડાશો જ.

**નોંધઃ આ સ્થળે પહોંચવા ડોંબીવલી (વે) થી બસો તથા પૂર્વમાંથી શેર - એ - રીક્ષા પણ મલે છે.**

**આપણો કાર્યક્રમ ટુંકમાં નીચે મુજબ રહેશે.**

**સવારના ૮.૩૦ સુધી જ નવકારશી**

**સવારના ૮.૩૦ થી ૧૧.૩૦**

**શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી**

**શ્રી મહાકાળી માતાની ભાવના**

**૧૧.૦૦ થી બપોરના ૧.૦૦**

**સમૂહ ક્ષમાપના, શેઠશ્રી નરશીનાથાની છબીને હારારોપણની બોલી તથા લાભ લેનાર ભાગ્યશાળીના હસ્તે હારારોપણ બાદ તપસ્વી બહુમાન તથા વિધાર્થી બહુમાન**

નોંધઃ તપ. તથા વિ. બહુ. નકરો પ્રત્યેક :
રૂા. ૧૧,૦૦૦/- વહેલો તે પહેલોના ધોરણે - બહુમાન
ભાગ્યશાળી દાતાના હસ્તે થશે.

**બપોરના ૧ થી ૨ઃ સ્વરૂચી ભોજન**

**બપોરના ૨ પછી**

**ચા-પાણી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા દાંડીયા રાસ**

**સાંજે ૫.૩૦ થી ૬.૩૦ :  ચૌવિહાર**

**અગત્યની નોંધ :** ૧. શ્રી તેકુલાધુની નિયાણી બહેનોને પણ સહકુટુંબ સામેલ થવા ખાસ આમંત્રણ છે જે આમંત્રણ આપશ્રી ખાસ યાદ કરીને પાઠવશોજી.

૨. મુંબઈ તથા મુંબઈ બહાર વસતા દરેક તેકુલાધુવાસીને પરિપત્ર રવાના કરેલ છે.  પણ કોઈ કારણસર ન મળેલ હોય તો આને રૂબરૂ આમંત્રણ સમજી પધારવા નમ્ર વિનંતી.

૩. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા આપના તરફથી ઉદાર દિલથી ફંડ ફાળો જરૂરથી લખાવશોજી.

૪. માર્ચ - એપ્રિલ વર્ષ : ૨૦૧૪ ના વર્ષની પરીક્ષાઓમાં ધોરણ : ૧ થી ૧૦ અને બારમમામાં કોઈપણ માધ્યમમાં પાસ થયા હોય અથવા અન્ય કોઈ ડિગ્રી/ ડિપ્લોમાં મેળવેલ વિદ્યાર્થીઓએ તથા જે કોઈએ અઠ્ઠાઈ કે તેથી વધુ તપની આરાધના કરેલ હોય તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેતું હોય તેમણે પોતાના નામ તા. ૧૦.૧૧.૧૪ સુધીમાં અમોને જણાવવા નમ્ર વિનંતી. જરૂર વેલા વેલા અચીજા ને ગામવારેં ભેગો હેતથી હેલજા - મેલજા - રમજા ભલા?..

**એજ. લિ. શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના**

**સાલ મુબારક**


પસંદ કરી રહી છે અથવા જેમાં વધૂ સંઘર્ષ હોય એવી નોકરીઓ સ્વીકારી રહી છે. સદીઓથી આપણે જોતા આવ્યા છીએકે મહિલાઓમાં મેનેજમેન્ટનો ગુણ બાળપણથી જ હોય છે. છોકરી કિશોરાવસ્થામાં પ્રવેશે ત્યારથી જ એને પોતાના દરેક કામને કેટલો અને કેવી રીતે સમય આપવો એ આવડવા માડે છે. એની આ કુનેહ એને આગળ જતાં ખુબ કામ આવે છે. આથી જ સ્ત્રીઓને મેનેજમેન્ટ ગુરૂ કહીએ તોપણ અતિશયોક્તિ નહીં કહેવાય.

જે સ્ત્રી નોકરી કે બિઝનેસ કરતી હોય એ ઘરની જવાબદારીઓ પણ એટલી જ કુશળતાથી નિભાવે છે અને પાતાના કામને પણ એટલો જ ન્યાય આપે છે. પુરૂષોમાં આ પ્રકારની ડબલ ડર્સનાલિટી ભાગ્યે જ જોવા મળે છે. જેની પાછળ છોકરા અને છોકરીનો ઉછેર કારણભુત છે.

છોકરી નાની હોય ત્યારથી એના મા - બાપને એવી ચિંતા હોય છે કે છોકરી સાસરે ગયા બાદ રસોઈ અને ઘરકામમાં નબળી હશે તો સાસરિયામાં મૂશ્કેલી પડશે. આથી જ તેઓ બાળપણથી જ એને એ રીતની તાલીમ આપે છે.

છોકરાઓએ મોટા થઈને માત્ર નોકરી કે ધંધો કરવાના છે એવી માન્યતાને આધારે છોકરાને એ રીતની તાલીમ આપવામાં આવે છે. આથી જ પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓ નોકરીની સાથે સાથ ઘરનિ જવાબદારીઓ પણ સુપેરે ઉઠાવી શકે છે.

આપણે આગળ વાત કરી એ મુજબ વિશ્વની શક્તિશાળી મહિલાઓમાં ત્રણ ભારતીય મહિલાઓ આગળ આવે એમાં આપણને શું? આપણે કયાં એના જેટલા મોટા માણસ છીએ કે આપણી એવી કોઈ ગણના થાય! આવું બધું તો મોટા ઘર - પરિવારની મહિલાઓ સાથે જ શક્ય બને પણ સામાન્ય મહિલાઓની આ માન્યતા તદ્દન પાયાવિહીન છે. આપણે આપણી આસપાસ એવા ઘણા લોકોને જોઈએ છીએ જેમણે શૂન્યમાંથી મોટું સર્જન કર્યું હોય છે.

જો કે અહીં મહત્વનો સવાલ એ પણ છે કે ચંદા કોચરની જેમ વૈશ્વિક ફલક પર પોતાના નામનો ડંકો વગાડવનારી સ્ત્રીઓ ભારતમાં કેટલી હશે? સ્વાભાવિકપણે  આવી મહિલાઓ આંગળીને વેઢે ગણાય એટલી જ હોય છે, પરંતુ આવું શા

માટે? એ આપણે ક્યારેય વિચાર્યું છે ખરું? વૈશ્વિક સ્તરે પાતાનું નામ ઉજાગર કરનારી મહિલાઓ પણ આપણી આસપાસ વસતી સામાન્ય મહિલાઓ માંથી જ આવે છે. આ બન્ને પ્રકારની મહિલાઓ સામાન્ય મહિલાઓ માંથી જ આવે છે. આ બન્ને પ્રકારની મહિલાઓ એક જ દેશમાં જન્મીને મોટી થઈ છે. છતાં બન્નેમાં આટલો તફાવત કેમ? મધ્યમવર્ગની મહિલાઓ ઘરે હોય કે નોકરી ધંધો કરતી હોય પણ એની માનસિકતા નિશ્ચિત પ્રકારની હોય છે.

આવી મહિલાઓ ઘણી વાર એવું વિચારીને બેસી રહે છે કે સરકાર તરફથી એમને કોઈ મદદ મલે અથવા કોઈ ચમત્કાર થાય અને એને વૈશ્વિક ફલક પર સ્થાન મળે પણ આ બધું એ રીતે શક્ય બનતું નથી. દરેક સ્ત્રી સરખી જ હોય છે. તફાવત હોય છે એમણી માનસિકતામાં. જ્યાં સુધી સ્ત્રી પોતે જ પોતાને સેકન્ડ સેક્સ સમજતી રહેશે ત્યાં સુધી એનો વિકાસ નહીં જ થાય.

આજે સરકારી નોકરીઓમાં ઉચ્ચ પદ પર મહિલા ઓફિસરોનું પ્રમાણ વધતું જાય છે, જે મહિલાઓની ક્ષમતાનો પરિચય આપે છે. મહિલાઓની ઈચ્છાશક્તિ પ્રબળ હોય છે. વળી એમનામાં એક સાથે ઘણા બધા કામને મેનેજ કરવાની કુનેહ પણ હોય છે. એથી જ તેઓ નોકરીમાં વધુને વધુ પ્રગતિ સાધી શકે છે.

ઈશ્વરે મહિલાઓને શારીરિક રીતે ભલે નબળી બનાવી હોય, પરંતુ માનસિક રીતે તેઓ પુરૂષ કરતાં ઘણી મજબુત હોય છે.

આપણા દેશની દરેક મહિલાએ પોતે કંઈક વિશેષ છે એવું ફરજિયાતપણે અનુભવીને કામ કરવાની જરૂર છે. જ્યાં સુધી મહિલા પોતે પોતાને વિશેષ નહીં સમજે ત્યાં સુધી સમાજ એને વિશેષ વ્યક્તિનો દરજ્જો નહીં જ આપે. આજે રોજેરોજ આપણે મોટા ભાગની મહિલાઓને પોતાના અસ્તિત્વ અને વ્યક્તિત્વને ટકાવી રાખવા માટે સંઘર્ષ કરતી આપણી આસપાસ જોતા રહીએ છીએ. જો મહિલાઓ આ પ્રકારનો સંઘર્ષ કરી શક્તી હોય તો પોતાના અંગત વિકાસ માટે સંઘર્ષ કરતાં એ શા માટે અચકાય છે? જ્યાં સુધી આપણે આપણી ખુદની મદદ નહીં કરીએ ત્યાં સુધી ઈશ્વર પણ આપણને મદદરૂપ નહીં થાય એ વાસ્તવિકતા સ્વીકારીને સ્ત્રીઓએ ધીમી પણ મક્કમ પ્રગતિ સાધવાનો સમય પાકી ગયો છે. જો સ્ત્રીઓ આગળ વધશે તો જ સમાજ આગળ વધી શકશે.

***- વૈશાલી વકીલ, મુંબઈ સમાચારમાંથી સાભાર***

---

## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.




## લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવાર્ડ

મહારાષ્ટ્ર એકમના વાર્ષિક સમ્મેલનમાં નાંદેડના સ્વર્ગવાસી ભાઈશ્રી પ્રેમચંદભાઈ મોતાને મરણોપરાંત લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવાર્ડ આપવામાં આવ્યો જે એમના પુત્રવધુ અને જમાઈએ સ્વીકાર્યો.

પ્રેમચંદભાઈ એક સક્રિય કાર્યકર્તા હતા. અને ઘણા વરસોથી સમાજ સેવા કરતા હતા. એમના કાર્યોની નોંધ એમના મૃત્યુ પછી જ શું કામ લેવામાં આવી?? મૃત્યુ ક્યારે આવશે એ કોઈ જાણતું નથી પણ વ્યક્તિની હયાતીમાં એના કામોની કદર કરવામાં આવે તો કેટલું સારૂં!!! એમને કેટલો આનંદ થયો હોત. પોતે કરેલા કામનો સત્કાર પોતાના હાથે સ્વીકારવામાં ઘણી ખુશ થાય છે.

ચાલો, જાગ્યા ત્યારથી સવાર આપણા સમાજમાં ઘણા બધા વ્યક્તિ વિશેષ છે. દર વર્ષે લાયક બે - બે વ્યક્તિઓનું સન્માન થવું જોઈએ. એમના કામની કદર કરી એમને પ્રોત્સાહન આપવું જોઈએ. જ્ઞાતિ આગેવાનો આ વાત ઉપર વિચાર કરશે, એવી મારી વિનંતી છે.

**- એક જાગૃત જ્ઞાતિ મહિલા**

## અભિનંદન.... આભાર... અનુમોદના...

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન મુંબઈના ઉપક્રમે અને સાધ્વીશ્રી પ. પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ની પાવન નિશ્રામાં સમસ્ત મુંબઈના સમુહ શ્રાવક સામાયિક મંડળના આશરે ૩૫૦ શ્રાવકો પધારેલ.

અનંતનાથ દાદાના દર્શન વંદન કરી, નવકાર મહામંત્રની ધુન સાથે સામુહિક સામાયિકની શરૂઆત થઈ. પૂજ્યશ્રીના સ્વમુખે વાણીનો સુંદર લાભ મળ્યો. .

### પ્રથમ પુણ્યતિથિ

જન્મ : તા. ૭-૧૦-૧૯૫૫



અરિહંત શરણ : તા. ૦૪-૧૧-૨૦૧૩

**શ્રીમતી વિજ્યા શાંતિલાલ દંડ**

ડોંબિવલી - ભરૂડીયા

**ઘેઘૂર વડલાની છાયા જેવી તમારી મમતાની માયા...**
**અનુભવાતી રહેશે તમારા સ્નેહની સુવાસ સદાય...**
**પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એજઅભ્યર્થના...**

**❖ આપની સ્નેહ સ્મૃતિમાં ❖**

**ગં. રાજબાઈ પદમશી શીવજી દંડ પરિવાર (મુલુંડ)**

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. ગંગાબાઈ પોપટલાલ જેતસી મોતા સહ - પરિવાર (ગોરખડી) |
| પતિ | : | શ્રી શાંતિલાલ પદમશી દંડ (ભરૂડીયા - ડોંબીવલી) |
| પુત્રો-પુત્રવધુ | : | સચિન - અનસુયા તથા અમિત |
| પૌત્રો | : | મિહિર - આદિ |





**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

ટ્રસ્ટીશ્રી કુમારભાઈ દંડે આવકાર સાથે જિનાલયને લગતી વિશેષ માહિતી આપી. ટ્રસ્ટી / ખજાનચી શ્રી રાજેશભાઈ છેડાએ સ્વાગત સાથે જરૂરી જાહેરાતો કરી. શ્રી મલાડ અચલગચ્છ જૈન સંઘના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ દેઢીયાએ બધા મંડળો વતી આયોજકોની ભુરી ભુરી અનુમોદના કરી.

મુંબઈ મહાજનશ્રી તરફથી દરેકને રૂા. ૧૦૦/- ની પ્રભાવના કરવામાં આવી. નવકારશીના લાભાર્થી પરિવાર માતુશ્રી કાંતાબાઈ મુરજી રાઘવજી લોડાયા હતા. સમગ્ર આયોજનમાં શ્રી રાજેશભાઈ છેડા તથા મસ્જીદ બંદર જૈન સંઘની કામગીરી નોંધપાત્રદીપક રહી. ખોબલે ખોબલે અભિનંદન.

***- દિનેશ રતનશી આણંદજી મૈશેરી, - મલાડ - મોટી સિંધોડી***

## Present Education Scenario and Measures to improve it

I want to drive your attention to the present scenario of students and give suggestions regarding it.

Post independence, there was a rule made for the reserved category so that they get equal benefits of education and lifestyle, but it was with a aim that after 5 years the percentage of reservation should decrease by 5% and everyone will be self sufficient .. But, today the scenario is totally different, instead of decreasing, its increasing day by day and now reservation quota is at 50 % , be it in any field particularly education. As a result of this, open category seats are very few and applicants are many.

We as “jains”, fall in open category and because of this reservation many of our students may lose a seat just by a difference of few marks, that doesn’t make them less intelligent but lose the opportunity.

If reservation quota increases at this rate, 10 years down the line there could be 80 percent reservation and our future generation will find it even more difficult to find seats on colleges and courses they want.

We do have colleges or trusts (in Mumbai) like Somaiya / SVKM and may be 1 more which offers gujju minority. But there is a risk with these colleges also / SIES (South Indian Education Society) which always has South Indian minority brought down its minority to only Tamil minority this year, now if same thing happens with Gujarati speaking minority trust / jains would be deprived of it again.

I would suggest to built a trust which runs different colleges like these with 50% Gujarati speaking minority / 48% percent open and 2% with those who cannot afford fees.

If this starts getting established now, it would be a renowned institute after 1 - 20 years when our future generation would be in dire need of a good college.

For funds I would suggest, divide the revenue we receive from anywhere as donation or in derasar into 3 Parts : derasar education and health.

I hope my suggestion is looked upon and some a few right steps are taken with better suggestions.

***- Mansi Nagda***

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના સમ્મેલનની ફલશ્રુતિ એટલે સક્રિય કે.ડી.ઓ.

જ્ઞાતિમાં જે થાય તે એ માટે મારે શું? એવી લઘુગ્રંથી છોડી જ્ઞાતિ પ્રવૃતિઓ માટેની ઉદાસીનતા નષ્ટ થવી જોઈએ. જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં જ્ઞાતિજનોના જ્ઞાન અને કાર્યશક્તિનો લાભ મળવો જોઈએ.

જ્ઞાતિ પ્રવૃતિઓના લેખા જોખા નિર્ભય થઈને જ્ઞાતિ સમક્ષ રજુ કરી જ્ઞાતિમાં ચાલતી પ્રવૃત્તિઓમાં સુધારા- વધારા કરવાની મહત્વકાંક્ષા રાખવી જોઈએ. આજે મોટા ભાગના જ્ઞાતિજનો જેમળે તે સ્વીકારી લે છે. જ્ઞાતિ સમ્મેલન થઈ રહ્યું છે. એમાં પણાઘણાને આવવું નથી.

એવા સંજોગોમાં એક જાતનું અપરિચયનું વાતાવરણ ઊભું થયું છે. દાત લગભગ જ્ઞાતિજનોને હંસકુમાર કોણ છે? એ ખબર ન હોય. તથા મારા હસ્તક ચાલનાર શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘની પ્રવૃત્તિ બાબત કોઈ સજાગ ન હોય.

માટે વિંનતી કરવા માગું છું કે. શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘની જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ સમજો તથા આ પ્રવૃત્તિઓનો યથાયોગ્ય લાભ લો.

***- હંસકુમાર રાયચંદ સાયલા, હૈદરાબાદ***

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન**
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પરજાઉમાં પર્યુષણ ઉજવણી

પરજાઉંમાં પર્યુષણ ઉલ્લાસથી ઉજવાયા મુંબઈ - અમદાવાદ - અંજાર - કલકતા - સુથરી - ગાંધીધામથી - ૪૦ (ચાલીસ) જણ પધાર્યા હતા.

શ્રી હરેશ દામજી વિકમશી (પરજાઉં - અંજાર વાલા)એ અઠાઈ કરેલ - પર્યુષણમાં આરાધના કરાવા મુંબઈથી - શ્રી તત્વજ્ઞાન વિદ્યાપીઠ મેરાવા તરફથી બે - બહેનો આવેલ જેમણે સારી આરાધના કરાવેલ.

કલ્પસુત્ર - ૫૫૫ મણમાં માતુશ્રી મીઠીબાઈ ડુંગરશી નાગડા હસ્તે રેવંતીબેન રાયચંદ નાગડા (પરજાઉ - કલકતા) એ પધરાવેલ તથા પારણું શ્રી પરજાઉ જૈન મિત્ર મંડળ તરફથી - ૧૦૧, મણમાં પધરાવેલ. સ્વપ્નાનું ધૃતમણ - ૮૯૧૦૩ કુલ થયેલ. મહાલક્ષ્મી ઝુલાવવાનું ૧૦,૦૦૧, મણ લહેરચંદ હીરજી મેપાણી હ. નયનભાઈ મેપાણી મહાલક્ષ્મી પધરાવવાનું ૧૭૫૦૧ મણ માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ હસ્તે જયેશ શરદચંદ દંડ.

વહાણ ઝુલાવવાનું - ૧૬૦૦૧ મણ લહેરચંદ હીરજી મેપાણી હસ્તે નયન લહેરચંદ મેપાણી તથા વહાણ પધરાવવાનું - ૨૧૦૦૧, માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ હસ્તે જયેશ શરદચંદ્ર દંડ કુલ ધૃત - ૧૦૦૦૦૦/- (એક લાખ) મણ થયેલ. અમદાવાદ થી પ્રમુખ શ્રી ગુલાબભાઈ ધનજી ભાઈ દંડ સહ કુટુબં પધારેલ.

## બાંઢીયાના મૈશેરીઓની પહેડી

બાઢીંયા ગામમાં બીરાજમાન શ્રી આશાપુરા માં તથા ખેતરપાળ દાદાજીને નમતા મૈશેરી પરિવારની નવમી સમુહ પહેડી તા. ૧૨.૧૦.૧૪ ને રવિવારના રોજ ભાડુપ અનંત સિધ્ધિ એસી હોલમાં દાતાશ્રી માતુશ્રી સ્વ. વિજયબાઈ કલ્યાણજી હરપાર મૈશેરી ગામ: જખૌના સહયોગથી યોજાઈ હતી. એમાં ગાયક : મનોજભાઈ કારાણી તથા સાથી કલાકારોએ અને બધા ભાવિકોએ ને ભક્તિ રાસ ગરબાની રમઝટ જમાવેલ, ૨૬૦ ભાવિકો તથા નિયાણી બહેનો એ દર્શન પ્રસાદનો લાભ લીધેલ.

આવતા વરસ માટેના દાતાશ્રી સ્વ. નવીન દામજી મૈશેરી હસ્તે, નયન, નિર્મલ ગામ બાંઢીયા - ભાડુંપ, જાહેર થયેલ.

## નાગપુરમાં ભાવયાત્રા

આચાર્ય શ્રી અપૂર્વ મંગલ સાગરજીના સાનિધ્ય માં નવકાર મંત્રના નવ પદ અને ૬૮ અક્ષર દરેક અક્ષર ના અક્ષર ઉપરથી તીર્થ પ્રમાણે યાત્રા યોજાઈ.

નવકાર ના નવપદ ના હિસાબે નવ સંઘપતિ તેમના જે ભાવયાત્રામાં હાજર હોય તેમનું સ્વામી વાત્સલ્ય તથા અષ્ટ પ્રકારી પુજા, રખાયા.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN TOURS & TRAVELS

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**નવું વર્ષ નવી ઊર્જા, નવા સપનાં, નવી દિશા લાવનારું હોય એવી શુભકામના...**

- તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND

એવીજરીતે ગૌતમ સ્વામી પુજન પણ સારી રીતે થયું.

## ગદગમાં આયબિલની ઓળી

આસો માસની કાયમી આયંબિલની ઓળી મમુબાઈ વેલજી નાગડા તરફથી તા. ૩૦.૯.૧૪થી તા. ૮.૧૦.૧૪ સુધી કરાવવામાં આવી હતી. જેમાં ૩૩ જણાએ સહ લાભાર્થી તરીકેનું આર્થિક યોગદાન આપ્યું હતું. ઓળી દરમિયાન પૂ. સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.એ શ્રીપાળ - મયણા સુંદરીનો રાસ ખૂબ જ રસમય શૈલીમાં પ્રસ્તુત કર્યો.

તા. ૫.૧૦.૧૪ રવિવારના શ્રી સિધ્ધચક્ર આરાધના થઈ.

શ્રી વર્ધમાન તપની તપસ્યા કરનાર તથા આયંબિલની આખી ઓળી કરનાર સર્વે તપસ્વીઓનું મહાજનશ્રી તરફથી રોકડ કવર સાથે સમ્માન કરવામાં આવ્યું હતું. આખી ઓળી દરમિયાન કુલ ૨૬૮ આયંબિલની તપસ્યા થઈ હતી. તા. ૯.૧૦.૧૪ ના મહાજનશ્રી તરફથી પારણાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## શ્રી પદમ મુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ. પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી અને પ. પૂ. શ્રી જયદર્શતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને એમના માર્ગદર્શને ટ્રસ્ટ સરળતા પૂર્વક કાર્યો પાર પાડે છે.

દર બુધવારના ગરીબોને ભોજન કરાવનારના દાતાઓના નામઃ ગંભીરદાસ છોટાલાલ જોશી (શિયોર), શા. ઉમરશી ભીમજી પોલડીયા (અંકલેશ્વર) હસ્તે ગુલાબભાઈ આશારિયા લોડાયા, મણીલાલ દામજી ધુલ્લા (ચાલીસગામ), માતુશ્રી જયાબાઈ નરશી ધરમશી - (પ. પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની. પુણ્યતિથી નિમિત્તે), દિનેશભાઈ ભવાનજી ગોસર (હૈદરાબાદ (પ. પૂ. જયલક્ષ્મી મ.સા.ની પુણ્યતિથી નિમિતે), કનકકુમાર દોશી (ચાલીસગામ), જેતબાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), લક્ષ્મીબેન હેમરાજ મોમાયા (મુલુંડ), શા. લક્ષ્મીચંદ કેશવજી માડણ - લોડાયા (તારદેવ હસ્તે - પ્રિયમવદાંબેન મેઘજી ધરમશી), (પ. પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ની સંયમ આરાધના નિમિતે), રમીલાબેન મણિલાલ ભઠારા - (ઘાટકોપર હસ્તે રૂપમભાઈ), રાયચંદ માલશી મોતા (શેલમ), શ્રી અનંતનાથ સ્નાત્ર મંડળ (મુંબઈ), માણેકજી રતિલાલ ખોના (સાંગલી), અંજના ભરત જૈન (ચાલીસગામ), લીલાવંતીબેન ખેતશી ખોના (હુબલી), નિશા કે. શાહ (ચાલીસગામ), પ્રિતી ઈંદ્રેશ પોલડિયા (ચાલીસગામ), ચંદનબેન હિરાચંદ નાગડા (નાંદેડ).

## ગદગમાં પર્યુષણ ઉજવણી

ગદગનું દેરાસર શ્રી ચિંતામણી પાર્શ્વ ધામ શ્રાવણ સુદ ૧૦ સંવત ૨૦૭૦ તા. ૫ ઓગસ્ટ ૨૦૧૪ ના તીર્થ બન્યા પછી પ્રથમ પર્યુષણ પર્વની ઉજવણી સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સ.ા અને પ. પૂ. સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી આદિ ઠાણા બેની પાવન નિશ્રામાં થઈ.

દરરોજ સવારનાં ઢોલ - શરણાઈ (સિધ્ધપુર પાટણવાળા) ભક્તામર સ્તોત્ર - સ્નાત્રપુજા - વ્યાખ્યાન, સાંજે પ્રતિક્રમણ તથા રાત્રે ભક્તિ ભાવનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તપસ્યા ૧૧ ઉપવાસ : નિધિ કુમારપાળ લાલકા, અઠ્ઠાઈ તપસ્યાઃ શ્રી કાનજી પચાણ ગાલા, શ્રી પંકજ વીરજી ગાલા, શ્રી ભરત વીરજી ગાલા, કુ. હીરલ ગિરિશ નાગડા, કુ. જીનલ મેહુલ નાગડા, શ્રી વિપુલ કાંતિલાલ મોતા, શ્રી કાંતિલાલ પદમશી મોતા, કુ. લિપિ કુમારપાળ લાલકા.

શ્રાવણ વદ ૧૪ રવિવાર તા. ૨૪.૮.૧૪ ના શ્રી પાર્શ્વયુવક મંડળ તરફથી સ્નાત્રપુજા ભણાવવામાં આવી. રાત્રે ભક્તિ ભાવના દરમિયાન સુસ્વાગતમ નૃત્ય, ધાર્મિક ક્વિઝ, કહાની કંદમુળકી, ધાર્મિક નૃત્ય, નાટિકા - જૈનમ જયતી શાસનમ, એક મિનિટ સ્પર્ધા, (ધાર્મિક) વગેરે સાંસ્કૃતિક - ધાર્મિક કાર્યક્રમો રજૂ થયા હતાં.

શ્રી કલ્પસુત્ર પધરામણી : શ્રી નવિનચંદ શામજી લાલકા મણ ૫૦૧, પ્રભુજીનું પારણું જેઠીબાઈ ખીમજી વીરા પરિવાર ૨૫,૫૫૫, સ્વપ્નાનું કુલ ધૃત ૧,૭૧,૧૧૧ મણ થયું હતું.

શ્રાવણ વદ અમાસનાં શ્રી કલ્પસુત્રની તથા ભાદરવા સુદ ૫ ના ચૈત્ય પરિપાટીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તા. ૩૧.૮.૧૪ના બપોરના શ્રી પ્રભુજીનાં પારણાની શોભાયાત્રા સંપન્ન થયા બાદ સાંજે શ્રીમતી જેઠીબાઈ ખીમજી વીરા

પરિવાર તરફથી ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. તા. ૨૭.૮.૧૪ ભાદરવા સુદ બીજનાં કુંવરબાઈ નાંગશી ધરમશી તથા મીઠીબાઈ લાલજી લુઠીયા તરફથી સકળ સંઘને (કાયમી) જમણનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાદરવા સુદ ૪ ના સવારના વ્યાખ્યાન દરમિયાન સામુહિક સાંજીના, પાંચ દ્રવ્યનાં વાર્ષિક ચઢાવાનો તથા કાયમી સ્કોલરશિપ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પર્યુષણ પર્વ દરમિયાન શ્રીમતી નિશાબેન નલીન મોતાએ પ્રભુજીની સુંદર આંગી કરી હતી.

પાંચ દ્રવ્યના વાર્ષિક ચડાવાઃ દુધ નમણ : શ્રીમતી મીરા ધરમશી - શ્રીમતી ભક્તિ લાલકા - શ્રીમતી ઉષા લુઠીયા રૂા. ૧૫,૫૫૫, કેસર પાણી : શ્રીમતી વિજયાબેન શિવજી કારાણી તથા શ્રીમતી ખેતબાઈ જયચંદ ખોના રૂા. ૨૧,૧૧૧ પુષ્પ : શ્રીમતી લક્ષ્મીબેન કાનજી ગાલા (ચેમ્બુર - મુંબઈ) રૂા. ૧૫,૫૫૫, ધુપ - દિપ : શ્રીમતી ચંપાબેન રાયચંદ લોડાયા (સીરસી) રૂા. ૧૭,૧૧૧ ચંદન : શ્રી કુંવરજી હેમરાજ લોડાયા હ. ૨૨,૨૨૨.

ભાદરવા સુદ ૬ (તા. ૩૧.૮.૧૪) ના સવારનાં શ્રી નરશી નાથાની છબીને ફૂલહાર ચઢાવવાનાં લાભાર્થી શ્રી હરીશ શિવલાલ મુનવરે આ લહાવો રૂા. ૭૭૭૭ માં લીધો હતો. પ્રમુખ શ્રી નવિનચંદ શામજી લાલકાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. સેક્રેટરી શ્રી સતીશ પ્રવિણચંદ લુઠીયાએ પર્યુષણ પર્વનો અહેવાલ રજૂ કર્યો હતો.

ઉપપ્રમુખ : શ્રી હરીશ શિવલાલ મુનવરે દેરાસરનાં કર્મચારીઓને રોકડ કવર આપ્યાં હતાં. આપણી શાળાનાં સેક્રેટરી શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયાએ પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું. મણીબાઈ કાંતિલાલ શાહ (કાયમી) શિક્ષણ પ્રોત્સાહક ઈનામોનું (સ્કોલરશિપ) વિતરણ કરવામાં આવ્યું હતું.

પુજ્ય સાધ્વીજી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. એ ક્ષમાપના વિશે માર્મિક વ્યાખ્યાન આપ્યું હતું. શ્રીમતી અનુજા સુનિલ મોમાયાએ સુંદર ક્ષમાપના ગીત રજૂ કર્યું હતું. શ્રી પ્રવીણભાઈ ધારશી નાગડા (વજેશ્વરી) એ સૌને સામૂહિક ક્ષમાપના અપાવી હતી.

જોઈન્ટ સેક્રેટરી શ્રી સુધીર જવેરચંદ સોનીએ આભાર દર્શન કર્યુ હતું. આખા કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પરિકા પરેશ નાગડાએ કર્યું હતું.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના ચૈત્ય પરિપાટી

શ્રી પુના સંઘ તર્ફે તા. ૨૮.૯.૧૪ ના રવિવારે ચૈત્ય પરિપાટી યોજાયેલ જેમાં વાઈ, પંચગીની મહાબળેશ્વર દાદાવાડી, પુના વેગેરે ગણીને પાંચ ચૈત્યોની યાત્રા સમાવિષ્ટ હતી.

પ્રમુખ શ્રીમતી હિના રતાણી તથા સમિતિના અથાગ પ્રયત્ને પરિપાટી સફળ રહેલ. સૌ કલ્પના લાપસિયા દ્વારા બસમાં ગેમનું આયોજન થયેલ. શ્રી જતીન નાગડાના ઢોલના નાદે તથા સૌ ભાવના તથા ખુશાલ મહેશ્વરી દ્વારા સંયોજીત સ્તવનની પુસ્તિકાને શ્રાવક ગણનો સુંદર સાથ સહકાર મળેલ. સામુહિક ચૈત્યવંદન સામુહિક ભક્તિભાવના સાથે સૌને આનંદની અનુભૂતિ થયેલ સાંજનો ચૌવિહાર પંચગની રાજલક્ષ્મી ખાતે શ્રી હેમંત શામજી મોતા દ્વારા પ્રાયોજીત થયેલ.

## પુનામાં શરદ પુર્ણિમાની ઉજવણી

શ્રી પુના સંઘ તર્ફે શરદપુનમની ઉજવણી તા. ૫.૧૦.૧૪ ના રવિવારે ઢોલ શરણાઈના સુરીલા સથવારે આપણી સાંસ્કૃતિક પરંપરાના સહિયારે તથા સૌના સાથ સહકારે પ્રમુખ શ્રીમતી હિના રતાણી તથા સમિતિના અથાગ મહેનત અને જહેમતથી યુથ એકસચેંજના અનુક્રમે કોઈમ્બતુરથી પધારેલ. યુવાઓનું સ્નેહમિલન પણ સમાવિષ્ઠ હતું. શ્રીમતી પરવીન પ્રસાદ દ્વારા લેવાયેલા વર્કશોપથી કરાયેલ. ત્યારબાદ ઢોલના નાદે મટકડી ઢોલરાંધ, ગરબા બાર દાંડિયાની રમતો થયેલ. સૌ. ભાવના તથા ખુશાલ મહેશ્વરી દ્વારા સંકલિત ધમાલની સુંદર રજુઆત પુના યુવા વર્ગ દ્વારા પારંપારિક વેશભુષા સાથે કરાયેલ.

કાર્યક્રમના મુખ્યદાતા શ્રી લક્ષ્મીચંદ શીવજી


**અસલ કલા-કસબનો સમન્વય**

જ્યોતિ — સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

રતાણી હસ્તે શ્રી ચેતન રતાણી પરિવાર રહેલ. કોઈમ્બતુર યુવા વર્ગે પણ દાંડિયા રાસનો પુના યુવા વર્ગ સાથે ભરપુર આનંદ માણેલ. ધમાલના ભાગ લેનાર હતા મલ્લિકા લાલકા, ઉત્કર્ષ મહેશ્વરી, ઋતુ પટેલ, ધવલ મોમાયા, પ્રશાંત ગોસર તથા યામિની છેડા.

## ગઢશીશા મધ્યે ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન

ગઢશીશામાં શ્રી અચલગચ્છ સંપ્રદાયના પ. પૂ. તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. આદી ઠાણા ૬ ની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન યોજવામાં આવેલ. અનુષ્ઠાનની વિધિ શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપુર્વક કરાવેલ. આચાર્ય ભગવંતે માંગલિક સંભલાવેલ અને વીધિકાર શ્રી કિશોરભાઈ સાંયાનો વાક્ષેપ નાખી ખાસ આશીર્વાદ આપેલ.

અનુષ્ઠાનમાં મુનિશ્રી પ્રિયંકસાગરજી મ.સા. એ દરેક ગતિ વખતે પ્રવચનમાં ગતિઓ વિશે વિસ્તુત સમજણ આપેલ. શ્રી ગઢશીશા જૈન સંઘના અધિકારીઓ તરફથી આ અનુષ્ઠાન કરાવવા બદલ શ્રી કિશોરભાઈ સાંયાનું હૃદયપુર્વક આભાર વ્યક્ત કરી શાલ અર્પણ કરેલ.

શ્રીયુત શ્રી મનસુખભાઈ શેઠ તેમજ ગઢશીશાના ઉર્વીબેન દેઢીયાએ સુંદર કંઠ દ્વારા સ્તવનો ગાઈ અનુષ્ઠાનમાં અનેરો રંગ આવેલ.

## સાંયરામાં પર્યુષણ ઉજવણી

સાંયરામાં કલ્પસૂત્ર (પોથી) મણ ૧૨૧માં ઉમાબાઈ વાલજી નરશી ધ્રોળ પરિવારે પધરાવેલ. પારણું મણ ૫૦૧માં દિનેશભાઈ પટેલ, વાલજીભાઈ ખોના તથા રતીલાલભાઈ ધ્રોળે પધરાવેલ. સ્વપ્નનું ધૃત મણ ૨૩૩૪૫ થયેલ. ટોટલ ધૃતમણ ૪૦૬૪૧ થયેલ. કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ ૪૪૪ મણમાં માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી લોડાયાએ લીધેલ. બારસા સૂત્ર વહોરાવવાનો લાભ મણ ૩૮૧મણમાં શ્રી પ્રેમાબાઈ ભવાનજી લાલકા વારાપધરવાલાએ લીધેલ.

વ્યાખ્યાન સતિષભાઈ સાવલાએ વાંચેલ, ભાદરવા સુદ ૧થી ભાદરવા સુદ ૬ સુધી કોઠારામાં બીરાજતા પ.પૂ.સા.શ્રી.કીર્તિષેણાશ્રીજી મ.સા. સાંયરા પધારતા એકમથી છઠ્ઠ સુધી એમણે આરાધના કરાવેલ.

દાતાઓ તરફથી ભક્તામર સ્ત્રોતના લક્કી ડ્રો તથા રોજની પ્રભાવના થયેલ. સંઘપૂજન રૂ.૧૦નું શ્રી ગુણવંતીબેન હીરાચંદ ચત્રભુજ તરફથી કરવામાં આવેલ. દિવસ ૧૦ ના સાધર્મિક ભક્તિનો લાભ શેઠશ્રી શા. રતનશી કુંવરજી લોડાયા હસ્તે માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયાએ લીધેલ.

ભાદરવા સુદ ૩ ના તા. ૨૮.૦૮.૧૪ના શ્રી જયાબેન દિનેશભાઈ પટેલ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ.

પર્વ દરમ્યાન અઠ્ઠાઈ કરનાર ભાગ્યશાળી : ૧. શ્રી ખમાવંતી વાલજી ખોના, ૨. કુ. વંદના સોમચંદ લોડાયા પર્વ દરમ્યાન નાની મોટી ૧૫ તપસ્યાઓ હતી.

ભાદરવા સુદ ૬ ના શેઠશ્રી નરશીનાથાની છબીને હાર પહેરાવવાનું રૂ.૨૦૦૧માં વિરાજ જવેરચંદ દામજી ધ્રોળ પરિવારે લાભ લીધેલ.

મુંબઈ દેશાવર તથા સ્થાનિક મળીને કુલ ૫૫ થી ૬૦ ભાવિકોની સંખ્યા હતી. ભાદરવા સુદ ૬ ના ચૈત્ય પરીપાટીના દાતાશ્રી માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર હતો જેમાં સુથરી, રાપરગઢવારી, જખૌ, નલીયા તથા કોઠારા ગામનો ગુરૂવંદના તથા દેરાસરના દર્શન કરેલ.

ભાદરવા સુદ ૭ના ચૈત્ય પરીપાટીના દાતા

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

માતુશ્રી કસ્તુરબાઈ મેઘજી વેલજી લોડાયા પરિવાર હતા જેમાં દેઢીયાગામ, કોટડી મહાદેવપુરી, મકડા, ગઢશીશા, શેરી, વાંઢ, બિદડા તથા મોટી ઉનડોઠગામમાં ગુરૂવંદના તથા દેરાસરના દર્શન

ભાદરવા સુદ ૮ના ચૈત્ય પરિપાટીના દાતા શ્રીમતી પ્રેમીલાબાઇ પદમશી કુંવરજી લોડાયા પરિવાર હતો જેમાં સાંધવ, ખારૂવા, નરેડી, કોટડા, સણોસરા, વર્ધમાન નગર, નવનીત નગર તથા કવિળનગરમાં ગુરૂવંદના તથા દેરાસરના દર્શન.

## ધ્રોળ પરિવારના દેવસ્થાનની પુન : પ્રતિષ્ઠા

શ્રી કચ્છ-કોટડી મહાદેવપુરી - ગોધરા કચ્છ ધ્રોળ પરિવારની સચ્ચામાતાજી અને શ્રી વાચ્છરાદાદાની પુનઃ પ્રતિષ્ઠા કચ્છ કોટડી મહાદેવપુરી મુકામે. તા.૨૯.૧૧.૧૪ થી ૦૧.૧૨.૧૪ નવેમ્બર આઠમ-નવમ-દસમનાં રોજ કરવામાં આવશે. સર્વે નિયાણી બહેનોને તથા સર્વે ભાવિકોને સહપરિવાર સાથે હાજર રહેવા વિનંતી **-** *મનોજ દેવશી ધ્રોળ - 9820962619*

## કોઈમ્બતુરમાં નવરાત્રિમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્તુર દ્વારા તા. ૨૪.૯.૧૪ થી ૨.૧૦.૧૪ સુધી હર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી અચલગચ્છ અધીષ્ઠાઈકા શ્રી મહાકાલી માતાજીની ભાવના શ્રી કોઈમ્તુર ગુજરાતી સમાજ ભવન ખાતે રાખવામાં આવેલ. જેમાં મહાજનના ઘણા પરિવારોએ પ્રસાદી - તેમજ આરતીનો લાભ લીધેલ. આઠમના દિવસે શ્રી કાંતીલાલ ગાંગજી વોરા પરિવાર તરફથી શ્રી માતાજીને ચુંદડી ઓઢળવાનો લાભ લીધેલ.

## કચ્છમાં પડેલ ૨૦૧૪ની સિઝનનો કુલ વરસાદ

**તાલુકા મથકે ૨૦૧૪ માં થયેલ, વરસાદ મિ.મી. માં આ પ્રમાણે છે.** મુંદ્રા - ૫૫૮ મી. મી., માંડવી - ૪૧૧ મી. મી., અંજાર - ૩૯૨, ગાંધીધામ - ૩૩૩, મી. મી., ભચાઉ - ૨૯૩ મી. મી., નખત્રાણા - ૨૫૧ મી. મી., ભુજ- ૨૩૦ મી. મી., રાપર - ૧૫૭, નલિયા- ૧૫૬૮ મી. મી., દયાપર- ૧૪૦.

***કચ્છ મિત્રના અહેવાલ પરથી સંકલન: મહેન્દ્ર લખમશી (અમદાવાદ)***

## સામાન્યજનની પ્લાન્ટ સર્જરી અંગે ગાઈડ લાઈન્સ

**૧. માઈનર સર્જરી :**

**૨. મેજર સર્જરી :**

રાખવી પડતી તકેદારી :

૧. પોથોલોજીકલ ચેકઅપ / રેડિયોલોજીકલ ટેસ્ટ તેમ જ પ્લાન્ડ સર્જરી માટે ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મેડિકલ સેંટરોનો સંપર્ક કરવો. જ્યાં રાહત દરે કામ થઈ શકે.

૨. ઓપરેશન મેજરમાં, બે / ત્રણ ઓપીનીયન તો લેવાના જ, જરૂર પડયે પ્રાઈવેટ પ્રેક્ટીસ કરતા ડોક્ટરનો અભિપ્રાય પણ લેવો.

૩. કેટલો ખર્ચ આવશે તે પ્રમાણે નાણાકીય આયોજન કરવું.

૪. મ્યુનીસીપલ હોસ્પિટલ, ચેરીટેબલ ટ્રસ્ટ, સરકારી / મ્યુનીસીપલ હોસ્પિટલમાં : ૧૦ ટકા, ચેરીટેબલ ટ્રસ્ટ : ૫૦ ટકા, પ્રાયવેટ નર્સીંગ હોમમાં : ૮૦ ટકા, જાહેર હોસ્પિટલમાં : ૧૦૦ ટકા.

બ્લડની જરૂર પડવાની હોય તો તે માટે પોતાનું બ્લડ ગ્રુપવાળા દશેક દાતાઓનું લીસ્ટ નામ - મોબાઈલ નંબર સાથે અગાઉથી તૈયાર રાખવું. જરૂર પડયે એડવાન્સમાં તેમને કહી રાખવું.

આર્થિક અનુકૂળતા ના હોય તો સરકારી / ટ્રસ્ટોની સમાજની મદદ લેવાનો સંકોચ ના રાખવો અને પાછળથી અનુકૂળતાએ એટલી રકમ સત્કાર્યોમાં વાપરી જ નાંખવા.

તમારા બજેટની મર્યાદામાં ઓપરેશન થાય તેના માટે માનવજ્યોતમાં ડો.જે.પી.ખોના પાસેથી માર્ગદર્શન મળી શકશે. કયાં સસ્તામાં શું થઈ શકે તે અંગે ડો. જે. પી. ખોના માર્ગદર્શક બની શકે ખરા. સમય સોમવાર થી શનિવાર ૩ થી ૬.

માનવજ્યોત : નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડો. આર. પી. રોડ, મુંલડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦.

## નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રાયચંદ લખમશી મૈશેરી** | વી/૧૦૦૧, શીતલ છાયા, ગુજરાતી રોડ, મટનચેરી, કોચીન - ૬૮૨ ૦૦૨ (કેરલા) |
| **ધીરેન ચંદ્રકાંત લોડાયા** | ૩૦૨, વૃજ વિહાર એશોશીએશન, નીયર ઘાટકોપર સ્વીટ્સ, છાર વાડા રોડ, વાપી, ગુજરાત |

## નવા/બદલાયેલા ફોન નંબર

**ધીરેન ચંદ્રકાંત લોડાયા** 09375922251

## જીવનચક્ર

### સગપણ છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૯.૧૪ | ડોંબિવલી | નીરવ નવિન રાયશી મૈશેરી | બાંઢીયા | - |
| | ડોંબિવલી | હેજલ લહેરચંદ પદમશી દંડ | લાલ | - |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૦.૧૪ | કોચીન | સ્મીતાબેન હીરાલાલ પાશ્વીર મોમાયા | વરાડીયા | ૭૪ |
| ૧૬૧૦.૧૪ | તારદેવ | ડૉ.ઉર્વશીબેન મેઘજી વેલજી ધરમશી | ગોરખડી | ૮૦ |

## વ્રત ધરીએ ગુરૂ સાખ



ગદગમાં રવિવાર તા.૧૨.૧૦.૧૪ના સવારના પૂજ્ય સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પૂજ્ય સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં વ્રત ઉચ્ચારણ (નિયમ લેવાનો) કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કુલ ૭૦ શ્રાવક-શ્રાવિકાઓએ વ્રત ધારણ કર્યો હતા. તેમાં શ્રી દિલીપ વીરજી ગાલાએ ૨૪૧ નિયમોમાંથી બધાથી વધારે ૨૩૮ નિયમો લીધા હતાં.

પૂજ્ય સાધ્વીશ્રીજી મ.સા.એ વિધિપૂર્વક નિયમ લેવડાવ્યાં હતાં. વચમાં ચૌમુખી નાણ રાખવામાં આવ્યો હતો. તેને ૩ પ્રદક્ષિણા દઈને નવકાર બોલવાનાં હતાં. તથા જે નિયમ લે તેને ચોખાથી વધાવવામાં આવ્યા હતાં. ખૂબ જ ભાવપૂર્વક પ્રસંગની ઉજવણી થઈ હતી. બધાંએ ભાવપૂર્વક નિયમ લીધા હતાં.

## જિંદગી....!

જિંદગીમેં તું કારા કરમ છડી ડે, માલિક ડે લાભ સવાયો
જિંદગીમેં સારા નિરસા કઈક કમ થ્યાં, તોય આરો નઆયો
કડેં અચીંધો આરો તું સમજી ગિન, હિવર આયા તોજો વારો
સારા કમ કેણા જિજ્જા, તોં વિગર નાંય તોજો આરો
તું સમજેં કે પડાઈયાં બોજો નો ઘણી થીયાં પરબારો
વેલો મોડો જવાબ ડીણું કુધરત જો આય ધારો
રશ્મિન ચેતો હી સંસારમેં, સારા કમ કંઈ ધલકે આવકારો
તોં વિગર આરો નાંય થઈ વિનાંતું મિણીજો પ્યારો.

*- રશ્મિન ખોના - મુંબઈ*

**ભુલ સુધાર - શ્રેષ્ઠ પખવાજ :** ૧. નં - ૨ શ્રી અનંત મિત્ર મંડળ -ભાડૂંપ, નં - ૩ શ્રી જિરાવલ્લા પાર્શ્વનાથ ગ્રુપ તેરા, નં - ૨ નહીં,

૨. લેખમાં લહેરચંદ વેલજી મૈશેરી જખૌ નહીં, લાલા-ભાડૂંપ, ૩. શ્રેષ્ઠ ગીત રજુઆતે નં - ૨માં દિનેશ લાલજી અજાણી

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલી



## સ્વ. અ.સૌ. રેખા હિંમતલાલ લાપસિયા

ગામ : દલતુંગી હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

જન્મ : તા.૨૪-૦૭-૧૯૬૭ અરિહંત શરણ : તા.૨૫-૧૦-૨૦૧૩

---

સદા હસતી રહી તું, દુઃખ દેખાડયું નહીં,
કદી ન ભૂલાશે, સદા આસપાસ રહેશે તું...
સહજ, સરળતાથી કહી દેતી તું,
ખોટ ના પૂરાશે કદી તારી,
મમતાની મૂર્તિ, સ્નેહની સરીતા તું...

---

## શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...

સાસુજી : શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસિયા
જીવનસાથી : શા. હિમતલાલ લીલાધરભાઈ લાપસિયા
જેઠ-જેઠાણી : શા. રમેશ - સૌ.રમીલા, શા. સુભાષ - સૌ.સુમન, શા. વિજય - સૌ.હંસા
દીયર-દેરાણી : શા. પંકજ - સૌ.વિશાખા
પુત્રી : દિશા, નિધી
ભત્રીજા-ભત્રીજી : સૌ.મનિષા નિલેશ દંડ, સૌ.રિંકુ ભાવિન લોડાયા, સૌ.નમ્રતા નિકુંજ દંડ
પિયુષ, નિકુંજ, હર્ષલ, ચિન્મય, પુજા, વામા
માતા-પિતા : અ.સૌ. સોનબાઈ શામજી શીયાલ - શા. શામજી પેથરાજ શીયાલ
ભાઈ-ભાભી : અ.સૌ. ભાવના બીપીન શીયાલ - શા. બીપીન શામજી શીયાલ
બહેન-બનેવી : અ.સૌ. પ્રવીણા વિજય લોડાયા - શા. વિજય વિસનજી લોડાયા

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ।day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રધ્ધાંજલિ



## શ્રી મણીકાંત મેઘજી મોમાયા

પ્રમુખ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન, હૈદરાબાદ

સત્કાર્યો તમારી શોભા હતી. કાર્ય કુશળતા તમારી હતી ઓળખ
શિસ્તતા અને નિડરતા, પ્રસન્નતા અને નિખાલસતા તમારૂં જીવન હતું
પરોપકાર તમારૂં રતન હતું વ્યવહાર તમે કદી ચુકયા નહીં અને ધર્મ થી તમે કદી ડગ્યા નહીં
એવા આપશ્રીની અણધારી વિદાય થી જે ખોટ પડી છે તે કદી નહીં પૂરાય.
આપના દ્વારા કરેલ કાર્ય અમારૂં સદૈવ માર્ગદર્શન કરશે અને પ્રેરણારૂપ રહેશે.
પરમ પિતા પરમાત્મા આપની આત્મા ને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના

**શ્રધ્ધા સુમન અર્પણ કરનાર**

| | |
|---|---|
| મોનીક વિનોદ ધરમશી | લહેરચંદ ટોકરશી લોડાયા |
| ધનપત લાલજી મોતા | ધીરજ જેતસી ધુલ્લા |
| વિરેન્દ્ર શીવજી મોતા | કાન્તાબેન પ્રફુલ દંડ |

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,